| GJBK190013032025 | દાખલ તારીખઃ | ૨૦/૧૨/૨૦૨૫ | | |
|---|---|---|---|---|
| | રજીસ્ટર્ડ તારીખઃ | ૨૦/૧૨/૨૦૨૫ | | |
| | ફેંસલ તારીખઃ | ૦૨/૦૧/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૧૩ |

**બનાસકાંઠા જીલ્લાના પાંચમા એડીશનલ સેશન્સ જજ શ્રી આર.ડી.પાંડે સાહેબની કોર્ટમાં, મુકામ-દિયોદર**

**ફોજદારી પરચુરણ અરજ નંબર-૩૬૨/૨૦૨૫**
**આંક-**

**અરજદારઃ-** (૧) **બનવારીલાલ બાબુલાલ હરીરામ ગાયણા (વિશ્નોઇ-પંડીત),**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો. ખેતી/મજુરી,
રહે. સારણાવાસ, ડાવસ, તા. ચિતલવાણા, જી. જાલોર
(હાલ રહે. સબ જેલ/જીલ્લા જેલ પાલનપુર)

-: **વિરુધ્ધ** :-

**સામાવાળા:-** શ્રી સરકાર

**ગુનોઃ-** સુઇગામ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૪૫૨૫૦૧૪૦/૨૦૨૫, બી.એન.એસ. કલમ-૬૫(૧), ૮૭, ૧૩૭(૨), ૩૫૧(૨), ૭૫(૨), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૭, ૧૨ મુજબ.

**અરજઃ-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.

અરજદાર તરફે વિ. વ.શ્રી એન.એમ.રબારી
સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર
મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એન.એસ.વાઘેલા

-: **ચૂકાદો** :-

(૧) હાલની અરજી આરોપી/અરજદાર દ્વારા બી.એન.એસ. કલમ-૬૫(૧), ૮૭, ૧૩૭(૨), ૩૫૧(૨), ૭૫(૨), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૭,૧૨ સુઇગામ પો.સ્ટે. ગુ.ર.નં.

૧૧૧૯૫૦૪૫૨૫૦૧૪૦/૨૦૨૫ ના કામે અરજદાર/ આરોપીને તા. ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ અટક કરીને તા. ૧૮/૧૦/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટમાં રજુ કરેલા ત્યારથી આરોપી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે ચાર્જશીટ થયા બાદ રેગ્યુલર જામીન મેળવવા માટે કરવામાં આવેલ છે.

(૨) આરોપી/અરજદારની જામીન અરજીની ટુંકમાં વિગત એવી છે કે, અમો અરજદાર નિર્દોષ છીએ તથા કહેવાતા ગુના બાબતે કંઇ જાણતા નથી તેમ છતાં અમો અરજદારની ખોટી સંડોવણી કરેલ છે. આ કામે અમારી સામે જે આક્ષેપો કરવામાં આવેલ છે તે તદ્દન ખોટા અને પાયા વિહોણા ઉભા કરેલ છે. ફરીયાદીએ ખોટી રીતે હકીકતો ઉભી કરી ફરીયાદ દાખલ કરાવેલ છે જે આખી ફરીયાદ જોવામાં આવે તો પ્રાથમીક રીતે જ હાલની ફરીયાદ ખોટી અને ઉપજાવી કાઢેલ છે તેવું જણાઇ આવે છે. આ કામે ફરીયાદ જોવામાં આવે તો તા. ૦૧/૦૭/૨૦૨૫ થી તા. ૦૨/૦૭/૨૦૨૫ સુધીમાં ગુન્હો બન્યાનો સમયગાળો બતાવેલ છે જયારે તા. ૦૩/૦૭/૨૦૨૫ ના રોજ બનાવની ફરીયાદ જાહેર કરેલ છે. સદર ફરીયાદ ગોઠવણપુર્વક આપવામાં આવેલ તેવું પ્રાથમીક રીતે જણાય છે. કારણ કે ફરીયાદ મોડી આપવાનું કોઇ યોગ્ય કારણ આપેલ નથી. હાલની ફરીયાદ વંચાણે લેતાં ભોગ બનનાર કોઇ નેમુભાઇ ઠાકોર સાથે પોતાના પિતાના ફોનમાંથી તેમના નામની અલગથી ઇન્સ્ટાગ્રામ આઇ.ડી. બનાવેલ છે અને તે નામવાળી આઇ.ડી. નેમુભાઇને આપેલ અને મેસેજ ઉપર એક બીજાને વાતો કરતા હતા તે વાતની ભોગ બનનારના ઘરે ખબર પડી ગયેલ તે વાતનો ઠપકો આપેલ અને નેમુભાઇ સાથે ઘરેથી નીકળી ગયેલા તેવી હકીકત ફરીયાદમાં જણાવેલ છે જે ઉપરથી પ્રાથમિક રીતે જણાઇ આવે છે કે, નેમુભાઇને બચાવવા માટે અમો અરજદારને આ ગુનામાં ખોટી રીતે

ફીટ કરવામાં આવેલ છે જેવું પ્રથમ રીતે માનવાનું કારણ રહે છે કે ફરીયાદમાં જે પણ આક્ષેપ કરવામાં આવેલ છે તે ખોટા અને કોઈ અગમ્ય કારણસર ઉભા કરવામાં આવેલ છે. ફરીયાદમાં જે આક્ષેપ કરવામાં આવેલ છે તેમાં ગાડી કેવી હતી કઈ કંપનીની હતી તે માણસો એકબીજા સાથે વાતો કરતા તો શું નામ હતા તેવી કોઈ ચોક્કસ માહિતી ફરીયાદી જણાવી શકતા નથી તે હકીકત સમગ્ર કેસને શંકાસ્પદ બનાવે છે જેથી આ સમગ્ર બાબત જોતાં ખોટો બનાવ બતાવી ખોટી હકીકતો ઉભી કરેલ છે અને અમોને ખોટી રીતે આ ગુનામાં ફસાવેલ છે. અરજદારને નામ. કોર્ટમાં રજુ કરેલ આ સમય દરમ્યાન આઈ.ઓ. એ અરજદારના રીમાન્ડ માંગેલ નથી કે નામ. કોર્ટે પણ આપેલ નથી કારણ કે આવા ગંભીર કેસમાં પ્રથમ દર્શનીય અમારી સંડોવણી જણાઈ આવતી ના હતી. અમો અરજદારનો આ કેસમાં કોઈ ડાયરેકટ રોલ જોવા મળતો ના હોઈ તેમજ જયાં સુધી કોઈપણ આરોપી સામેના આક્ષેપો પુરવાર ના થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવો જોઈએ તેવો ભારતીય ફોજદારી ન્યાય શાસ્ત્રનો સિધ્ધાંત છે અને તે સિધ્ધાંત જામીનના તબક્કે પણ લાગુ પડે છે જે ધ્યાને લેવા વિનંતી છે. અમો અરજદારને ખોટા ગુનામાં સંડોવેલ છે આવા પ્રકારના કૃત્યમાં અમો અરજદારના હક્કોનું રક્ષણ અને જતન કરવાની અદાલતની ફરજ છે. આ કામે સંજયચંદ્રા વિ. સી.બી.આઈ. ના ગુનામાં નામ. સુપ્રિમ કોર્ટે સ્થાપીત કરેલ છે કે, બંધારણીય હક્કોનું આર્ટીકલ–૨૧ મુજબ રક્ષણ કરવું જોઈએ તેમજ નામ. સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપીત કાનુન મુજબ બેલ એ નિયમ છે અને જેલ તે અપવાદ છે તેવો પ્રસ્થાપિત કરેલ હોઈ તે સિધ્ધાંતો અનુસાર પણ આ કામે જામીન આપવા માટે આ યોગ્ય કેસ છે. જેથી ગેરકાયદેસર રીતે કોઈની સ્વતંત્રતા હણાય નહી તે સંજોગોમાં અમો અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી છે. તેમજ રાકેશ પ્રહલાદરામ જોષી વિ. સ્ટેટ તથા

ગુરૂબસીંગ સીબ્બા વિ. સ્ટેટ ના ચુકાદાઓને ધ્યાને લેવામાં આવે તો જયાં સુધી ન્યાયીક અદાલત દ્વારા કોઈપણ માણસને દોષીત ઠરાવવામાં ના આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેમ માનવું જોઈએ અને જેલ તે અપવાદ છે અને જામીન એ નિયમ છે. તેવું પણ ઠરાવેલ છે જે હકીકતો ધ્યાને લઈ આરોપીને જામીન ઉપર મુકત કરવા મે. થશો. અરજદારને આપ નામ. કોર્ટ દ્વારા જેવા અને જેટલી રકમના જામીન આપવા ફરમાવશો તેવી અને તેટલી રકમના જામીન આપીશું તથા તમામ શરતોનું પાલન કરીશું જેથી અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે સામાવાળાને નોટીસ કરતાં શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.વી.ઠાકોર હાજર થયેલ છે અને ચાર્જશીટ થઈ ગયેલ હોઈ તપાસ કરનાર અમલદારશ્રી નું સોગંદનામું રજુ કરેલ નથી.

(૩.૧) આ કામે મુળ ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૦૮ થી સોગંદનામું રજુ કરી જણાવેલ છે કે, આ કામના અરજદાર આરોપીએ અમો ફરીયાદીની સગીર દિકરી તેઓને બળજબરી પુર્વક ભગાડી લઈ જઈ અને તેની મરજી વિરૂધ્ધ બળાત્કાર કરી અને હાલમાં તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી પુરતો પુરાવો હોઈ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે જેનો પોકસો કેસ નંબર–૩૩/૨૦૨૫ છે જે હાલમાં આપ નામ. કોર્ટમાં પેન્ડીંગ છે. અમો ફરીયાદી તથા ભોગ બનનારનો પુરાવો આપવાનો બાકી હોઈ હાલના તબક્કે જો આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવશે તો અમો ફરીયાદી તથા અમારા કુટુંબને ડરાવા તેમજ યેનકેન પ્રકારનું દબાણ કરીને સમાધાન કરવા માટે દબાણ કરશે તેવો અમોને ડરાવાની શકયતાઓ છે. આ કામના આરોપી સમાજના માથાભારે માણસ હોઈ ઉપરોકત આરોપીને રાજકીય વગવાળા હોઈ હાલમાં જો રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં

આવશે તો સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરશે તેવો ભય રહેલ છે. આ કામના આરોપી અન્ય રાજયના વતની હોઈ ટ્રાયલ દરમ્યાન પણ નામ. કોર્ટમાં હાજર રહેશે નહી. આ કામના અરજદારને જો રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો અરજદારને છુટો દૂર મળી જાય અને આવા ગંભીર પ્રકારના ગુનાનું પ્રમાણ સમાજમાં વધતું રહેશે અને આવા ગંભીર પ્રકારના ગુનાની સમાજમાં કોઇ પ્રકારની ગંભીરતા રહેશે નહી. સદરે ગંભીર પ્રકારના ગુનાના કામે જો અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો અમો ફરીયાદી તથા અમારા કુટુંબીજનોને ડરાવાનો ભય રહે છે અને અરજદારને જો રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો અરજદારને છુટો દોર મળી જાય અને આવા ગંભીર પ્રકારના ગુનાની આરોપીને કોઇ જ ગંભીરતા રહે નહી જેથી આવા સંજોગોમાં અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે ફરીયાદની વિગત ધ્યાને લેવામાં આવે તો, આ કામના ફરીયાદી ભોગ બનનાર રાત્રીના સમયે એકલી ચાલતી જઇ રહેલ હોઇ તેની એકલતાનો લાભ લઇ આ કામના તહોદારોએ ફરીયાદીને ગાડીમાં બેસાડી ફરીયાદી સગીર વયની હોવા છતાં તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી સાંચોર બાજુ લઇ જઇ ચરેડાની ખુલ્લી જગ્યામાં ગાડીના ચાલક ડ્રાઇવર તહો. નંબર–૦૧ ના એ ફરીયાદીની મરજી વિરૂધ્ધ બળજબરી પુર્વક શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી તહો. નંબર–૦૨ ના એ ફરીયાદીની છેડતી કરી કોઇને કંઇ કહીશ તો તેને દૂર મુકી જઇશ તેવી ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરતાં હાલની આ ફરીયાદ દાખલ થયેલ છે.

(૪.૧) આ ગુના કામે એફ.આઇ.આર. માં પ્રથમ બી.એન.એસ. કલમ–૬૫(૧), ૮૭, ૧૩૭(૨), ૩૫૧(૨), ૭૫(૨), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૧૭ ની કલમો લગાડવામાં આવેલી

પરંતુ ત્યારબાદ તપાસના કામે પકડાયેલ આરોપીએ પુરાવાનો નાશ કરવા સારૂ કપડાં ફેંકી દીધેલ હોઈ તેમજ આ ગુના કામે અન્ય આરોપી સંડોવાયેલ હોઈ સદર કામે બી.એન.એસ. ની કલમ–૨૩૮ તથા પોકસો એકટની કલમ–૧૨ નો ઉમેરો કરવામાં આવેલ છે.

(૫) આ કામે અરજદાર તરફે વિ.વ.શ્રી એન.એમ.રબારી નાએ દલીલ કરેલ છે કે, અરજદાર સામે સુઇગામ પોલીસ સ્ટેશનમાં પોકસો એકટની કલમ–૪,૬ મુજબનો ગુનો નોંધાયેલ છે. તા. ૧૮/૧૦/૨૦૨૫ ના રોજ આરોપીને અટક કરવામાં આવેલ છે. આ કામે મુખ્ય આરોપી નેમુભાઇએ ભોગ બનનારને મેસેજ કરેલ છે પરંતુ, તે અંગે પોલીસે તપાસ કરેલ નથી તથા તેમના વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ કરેલ નથી. આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે. ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે અને ચાર્જશીટ પછી પ્રથમ જામીન અરજી છે. આરોપી વિરૂધ્ધ માત્ર એક પ્રોહીનો ગુનો નોંધાયેલ છે. આરોપી શરતોનું પાલન કરવા ખુશી છે. જેથી જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) સામાવાળા શ્રી સરકાર તરફે એ.જી.પી. શ્રી ડી.વી.ઠાકોર ની દલીલ છે કે, ભોગ બનનારની ઉંમર માત્ર ૧૫ વરસની છે જે જાતે ફરીયાદી છે. ભોગ બનનારે તેમના પિતાના મોબાઇલથી નેમુ નામના વ્યકિતને મેસેજ કરતી હતી. જે વાહનમાં ભોગ બનનાર સાથે બળાત્કાર કરવામાં આવેલ છે તેમાં બે જણા હાજર હતા. સી.સી.ટી.વી.ના ફુટેજ આવતાં ગાડીનો નંબર પકડાયેલ છે. આ કામે રી–કન્સ્ટ્રકશન પંચનામું કરવામાં આવેલ છે. ઓળખ પરેડમાં ભોગ બનનારે આરોપીને ઓળખી બતાવેલ છે. એક આરોપી નાસતા ફરતા છે. આરોપીઓ આઉટ ઓફ સ્ટેટના છે. પ્રાઇમાફેશી કેસ છે જેથી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૭) બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે ભોગ બનનારની ઉંમર માત્ર ૧૫ વરસની છે. આરોપીઓએ ભોગ બનનારનું અપહરણ કરી ચરેડાની ખુલ્લી જગ્યામાં ભોગ બનનાર સાથે બળાત્કાર કરેલ છે. આરોપી નંબર–૦૨ ના ઓએ છેડતી કરેલ છે અને ભોગ બનનારને ધમકી આપેલ છે કે, કોઇને કહીશ તો જાનથી મારી નાંખીશ અને આ હકીકત સંદર્ભે આંક–૦૮ થી ભોગ બનનારે પણ એફીડેવીટ ઉપર ભય વ્યકત કરેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવાથી તેઓ ભોગ બનનારને ધમકાવીને ટ્રાયલને અસર પહોંચાડી શકે તેમ છે તથા નાશી ભાગી શકે તેમ છે. આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોઇ જેથી હાલની જામીન અરજી મંજુર થવા પાત્ર નથી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // હુકમ // –**

(૧) અરજદાર / આરોપી **(૧) બનવારીલાલ બાબુલાલ હરીરામ ગાયણા (વિશ્નોઇ–પંડીત)** ની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. **૦૨ જી,** માહે**–જાન્યુઆરી,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. દિયોદર
તા. ૦૨/૦૧/૨૦૨૬

**(રંજન ધ્રુવકુમાર પાન્ડેય)**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,
બનાસકાંઠા – દિયોદર
કોડ નંબર–જી.જે.૦૦૮૧૩